# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૭ તા.૧૯-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- 'Azadi ka Amrut Mahotsav' અન્વયે વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ૧. નં.સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૧/૯૮૫૪-૯૮૯૧ તા. ૦૯-૦૩-૨૦૨૧

૨. ક્રમાંક : પરચ/૧૨૨૦૨૧/૧૧૩/વ.૨ તા.૦૯-૦૩-૨૦૨૧.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ભારત સરકારશ્રીના સૂચના અને પ્રસારણ મંત્રાલયની સૂચના અનુસાર 'આઝાદી અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત પરિપત્ર નં. ૧૩૧-A તા.૦૬-૦૩-૨૦૨૧ ના અનુંસંધાને તથા આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન મુજબ તથા 'આઝાદી અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૩-૨૦૨૧

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૧/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર–૧૭, ગાંધીનગર
તા. ૯.૦૩.૨૦૨૧
ફોન નંબરઃ (૦૭૯) ૨૯૬૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

પ્રતિ
જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય : "Azadi Ka Amrut Mahotsav" અન્વયે વિવિધ કાર્યક્રમોની ઉજવણી બાબત.**
**સંદર્ભ : શિક્ષણ વિભાગના તા.૯.૩.૨૦૨૧ પત્ર નં. પરચ/૧૨૨૦૨૧/૧૧૩/વ.૨**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે શિક્ષણ વિભાગના પત્ર સાથે બિડાણે આવેલ રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના તા.૪.૩.૨૦૨૧ ના પત્ર સાથે સામેલ થઈ આવેલ ભારત સરકારના તા.૩.૩.૨૦૨૧ ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે, "Azadi Ka Amrut Mahotsav" અન્વયે વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવનાર છે. તે સંદર્ભે તા.૧૨ માર્ચ–૨૦૨૧ ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રી દાંડી માર્ચ કાર્યક્રમની શરૂઆત કરવાના છે. તે માટે દેશભરમાં અલગ–અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તે ધ્યાને લઈ શિક્ષણ વિભાગના પત્રમાં જણાવ્યા મુજબ સૂચનાઓ ધ્યાને લઈ આપની તાબા હેઠળની જિલ્લા, તાલુકા તેમજ કલસ્ટર કક્ષાની તમામ કચેરીઓ, શાળાઓમાં કાર્યક્રમોની ઉજવણી થાય તે માટે આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ આપવા વિનંતી.

બિડાણ : સંદર્ભદર્શિત પત્રની નકલ

(પી. ભારતી)

નકલ સવિનય જાણ અર્થે રવાના :
– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ જાણ અર્થે રવાના :
– શ્રી બી.વી.રાઠવા, ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

ઘણું જ જરૂરી / અગત્યનું

ક્રમાંક : પરચ/૧૨૨૦૨૧/૧૧૩/વ.૨
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૯/૦૩/૨૦૨૧

પ્રતિ

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોકનં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોકનં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણનીકચેરી, બ્લોકનં૨, કર્મયોગ ભવન, ગાંધીનગર

(૪) નિયામકશ્રીપ્રાથમિક શિક્ષણનીકચેરી, બ્લોકનં-૧૨, ડૉ.જીવરાજમહેતાભવન,સચિવાલય,ગાંધીનગર.

(૫) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વશિક્ષાઅભિયાન, સેક્ટર-૧૭ગાંધીનગર

(૬) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર.૧૨ ગાંધીનગર

(૭) નિયામકશ્રી એન.સી.સી. કેમ્પ હનુમાન, કેન્ટોન્મેન્ટ એરીયા, શાહિબાગ, અમદાવાદ.

વિષયઃ- "આઝાદીના અમૃત મહોત્સવ" અન્વયે વિવિધ કાર્યક્રમોની ઉજવણી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના અત્રેના તા.૦૫/૦૩/૨૦૨૧ના સરખા ક્રમાંકના પત્ર તરફ આપનુ ધ્યાન દોરતાં તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના તા.૦૪/૦૩/૨૦૨૧ના પત્રક્રમાંકઃ યસપ/૧૦૨૦૨૧/GOI 10/અ ના પત્રની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, "આઝાદીના અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવા નક્કી કરવામાં આવેલ છે. આ ઉજવણીના કાર્યક્રમના ભાગરૂપે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તારીખ : ૧૨ માર્ચ, ૨૦૨૧ના રોજ દાંડીમાર્ચના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવનાર છે. આ કાર્યક્રમને દેશભરમાં અલંગઅલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જે અન્વયે નીચે મુજબના ક્રમ-(૧) થી (૩)ની વિગતો અત્રેના તા.૦૫/૦૩/૨૦૨૧ના પત્રથી આપને મોકલી આપેલ હતી, જે ઉપરાંત ક્રમ નં. (૪) અને (૫) મુદ્દાઓનો પણ સમાવેશ કરી જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧) આ ઐતિહાસિક મહત્વ ધરાવતાં ૭૫ સ્થળોએ યોજાનાર કાર્યક્રમમાં યુવા ક્લબો NYK, NSS/NSO/NCCના સ્વયંસેવકો દ્વારા ભાગ લેવામાં આવશે.

(૨) અલગ-અલગ સ્થળોએ સાઇકલ રેલીનું આયોજન કરવું.

(૩) ભારતીય સ્વતંત્રા સંગ્રામ ઉપર ૧૨ માર્ચ,૨૦૨૧ ના રોજ એક કલાકનો Conference/Seminar/ Symposium નું વિવિધ સ્કૂલ, કોલેજ તથા યુનિવર્સિટીઓ દ્વારા આયોજન

(૪) સ્કુલ, તાલુકા, જિલ્લા, રાજ્ય અને નેશનલ કક્ષાએ નિબંધ સ્પર્ધાઓનો શુભારંભ.

(૫) કોલેજ અને યુનિવર્સિટીઓમાં નિબંધ સ્પર્ધાઓ શુભારંભ

આમ ઉક્ત પત્રની સૂચના અનુસાર આપની કચેરીને સંબંધિત જરૂરી કાર્યવાહી હાથ ધરવા અને આપના તાબાની કચેરીઓને સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ

<u>નકલ રવાના જાણ સારૂઃ-</u>

- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત મદદનીશ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના(પ્રા.અને મા.શિ)ના અંગત મદદનીશ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી(મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી(પ્રા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(ટે.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(ઉ.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર